અમદાવાદના મહે. ૧૩માં એડી.ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નંબરઃ૦૭માં.,મુ.અમદાવાદ(શહેર)

ક્રિ.કે.નંબરઃ ૩૫૩૩/૨૦૨૩
આંકઃ ......

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ–

1) MO.IMRAN @ SONU BAKARI ABRAR AHEMAD ANSARI
2) SAHILKHAN @ SHERKHAN AYUBKHAN PATHAN
3) ISHTIYAK @ HALELO @ HATELO @ FATAKADI @ MOGALI MUSTAKBHAI SAFIMAHOMAD SHAIKH

**–કમીટલ હુકમ–**

૧. ફરિયાદપક્ષનાં કેસ મુજબ આ કામના આરોપીઓ વિરૂધ્ધ અમરાઈવાડી પો.સ્ટે. પાર્ટ. એ ગુ.ર.નંબરઃ ૧૧૧૯૧૦૦૪૨૨૦૫૭૮/૨૦૨૨ થી ઈ.પી.કો.કલમઃ **379(A)(3), 411, 114** મુજબના ગુનાનુ ચાર્જશીટ તપાસનીસ અધિકારીશ્રીએ તપાસના અંતે અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

૨. આ કામના આરોપીઓ સામે નામદાર કોર્ટ તરફથી જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા આરોપી નં. ૧, ૨ નાઓ અત્રેની અદાલતમાં હાજર થયેલા છે જ્યારે આરોપી નં. ૩ નાઓ સામે ઘણા લાંબા સમયથી વોરંટની બજવણી કરવા છતા પોલીસ મશીનરી આરોપી નં. ૩ ને નામદાર કોર્ટ સમક્ષ હાજર રાખી શકેલ નથી તેવા સંજોગોમા Hon'ble Supreme court in Jooinder Singh V/S State of Punjab and heryana Scc.345 AIR 1979 sc339, has held that u/s 193 read with sec 209 of the code when a case is committed to the court of session in respect of an offense the court of session takes cognizance of the offense and not the accused. નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદો લક્ષમાં રાખી આરોપી નં. ૩ના જામીનદાર રેકર્ડ પર હોય, તેવા સંજોગોમાં હાજર રહેતા આરોપીની ગુના સબબે કમીટલ પ્લી નોંધી હાલના આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો ઈ.પી.કો.કલમઃ **379(A)(3), 411, 114** મુજબ સજાને પાત્ર હોય અને સદર

ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા નામદાર સેસન્સ અદાલતનાં ક્ષેત્રાધીકારની હોવાથી સદરહુ કેસ નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફ કમીટ કરવો ન્યાયોચીત જણાતો હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**– હુ ક મ –**

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૯ અન્વયે આ કામના આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો ઈ.પી.કો.કલમઃ **379(A)(3), 411, 114** મુજબ સજાને પાત્ર હોય સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફ સદરહુ કેસ કમીટ કરવામા આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૯(ડી) મુજબ સદર કેસ સેસન્સ કમીટ કર્યાની જાણ ડી.જી.પી.શ્રીને કરવાનો હુકમ કરવામા આવે છે.

**(3)** સદર કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ અન્વયે જો કોઈ નિવેદન અત્રેની અદાલતમાં આવેલ હોય તો તે તમામ આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડેન્ટશ્રીનાઓએ નિયમ અનુસાર મોકલવા.

**(૪)** સદર કેસનુ રેકર્ડ ફાઈલીંગ કરી તેના પાના નંબર આપી, મુદ્દામાલ મંગાવી, મુદ્દામાલ સાથે નામદાર સીટી સીવીલ એન્ડ સેસન્સ કોર્ટ, અમદાવાદ તરફે મુદ્ત તારીખ પહેલા મોકલી આપવુ.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ અમદાવાદ
તા. ૦૧/૭/૨૫

(વી. આર. ચૌધરી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૦૭.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૧૫.